Durgesh V. Buch
President

Natubhai Patel
Sr. Vice President

Bhargav Thakkar
Vice President

Sanjeev Chhajer
Secretary

Dilip M. Padhya
Secretary (R)

Pathik S. Patwari
Treasurer

૧૪ ડિસેમ્બર, ૨૦૧૯

**શ્રી વિજયભાઇ રૂપાણી**
*માનનીય મુખ્યમંત્રીશ્રી*
ગુજરાત રાજ્ય, સ્વર્ણીમ સંકુલ
નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

**વિષયઃ ગુજરાત ઔદ્યોગિક નીતિની સમય મર્યાદા વધારવા બાબત.**

**માનનીય મુખ્યમંત્રીશ્રી,**

આપની કુશળતા ઇચ્છુ છું.

આપ સુવિદિત છો તેમ ગુજરાતની ઔદ્યોગિક નીતિ તા. ૩૧-૧૨-૨૦૧૯માં પૂર્ણ થનાર છે. આ ઔદ્યોગિક નીતિ તા. ૧-૧-૨૦૧૫થી અમલમાં આવ્યા બાદ ઘણાં MSME ઉદ્યોગોએ આ યોજના અંતર્ગત લાભ મેળવ્યો અને ઘણાં MSME એકમો હાલમાં આ યોજનામાં સંકળાયેલ છે.

આપ વિદિત છો તેમ આ વર્ષે ભારે વરસાદ અને વાવાઝોડાના કારણે રાજયમાં લૉ પ્રેશર સર્જાતા ચોમાસું પાંચેક માસથી લંબાયેલ છે. પ્રતિકૂળ કુદરતી પરિસ્થિતિ ઉપરાંત વૈશ્વિક મંદીના માહોલને કારણે ચાલુ પ્રોજેક્ટ અને તેની રેવન્યુ વહીવટી પ્રક્રિયા સમયસર પૂર્ણ થઇ શકે તેમ ન હોય આ ઔદ્યોગિક નીતિને ચાલુ નાણાકીય વર્ષ એટલે તા. ૩૧-૩-૨૦૨૦ સુધી મુદ્દત વધારી આપવા આપશ્રીને નમ્ર વિનંતી છે.

આ અંગે અમારા સભ્ય રીજનલ ચેમ્બર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા પણ આપશ્રીને અગાઉ પત્ર થકી વિનંતી પાઠવેલ છે જેની નકલ આપશ્રીના ધ્યાને મુકવા અને યોગ્ય નિર્ણય સારુ અત્રે બિડાણ કરેલ છે.

આપશ્રીના હકારાત્મક નિર્ણયની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,

દુર્ગેશ બુચ
પ્રમુખ

# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

Since 1954



| V. P. VAISHNAV | PARTH GANATRA | NAUTAM BARASIYA | KISHOR RUPAPARA | UTSAV DOSHI |
|---|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Jt. Secretary | Treasurer |


RCCI/221 ૪, નવેમ્બર, ૨૦૧૯

**શ્રી વિજયભાઈ રૂપાણી**
માનનીય માનનીય મુખ્યમંત્રીશ્રી,
ગુજરાત રાજય, નવા સચિવાલય,
**ગાંધીનગર.**

**વિષય : ઈન્ડસ્ટ્રીયલ પોલીસીની સમય મર્યાદા વધારાવા બાબત.**

**માનનીય સાહેબશ્રી,**

સવિનય જણાવવાનું કે રાજય સરકારશ્રી દ્વારા તા.૧-૧-૨૦૧૫માં ઉધોગકારોને પ્રોત્સાહન આપવા માટે ઈન્ડસ્ટ્રીયલ પોલીસી ૨૦૧૫ અમલમાં લેવાયેલ અને બાદ ઘણા MSME ઉદ્યમીઓએ આ યોજના અંતર્ગત લાભ મેળવેલ હોય અને ઘણા MSME ઉધોગો હાલમાં આ યોજનામાં સંકળાયેલ છે.

વિશેષમાં જણાવવાનું કે હાલ આ ઈન્ડસ્ટ્રીયલ પોલીસી તા.૩૧-૧૨-૨૦૧૯માં પુર્ણ થનાર છે. જે પોલીસીમાં ચાલું પ્રોજેકટ, રેવેન્યું વહિવટી પ્રક્રિયા, ભારે વરસાદ, વાવાઝોડું તથા અવાર નવાર સર્જાતા લો પ્રેશરના કારણે ચોમાસું પાચેક માસથી લંબાયેલ હોય અને વૈશ્વિક મંદીના માહોલના કારણે સમયસર પુર્ણ થઈ શકે તેમ ન હોય માટે આ પોલીસીને તા.૩૧-૧૨-૨૦૧૯ ના બદલે પુરા થતાં ચાલું નાણાંકિય વર્ષ તા.૩૧-૩-૨૦૨૦ સુધી મુદત વધારી આ અંગે ઘટતું કરવા આપશ્રીને વિનંતી છે.

આભાર સહ,

આપનો સ્નેહાધિન,

**નૌતમ બારસીયા**
માનદ્‌મંત્રી


Centre Point, Karansinhji Road, Rajkot-360001 (Gujarat) India. ● **Phone** : +91 0281 2227400/2227500
**Fax** : +91 0281 2230824 ● **Email** : rajkotchamber@yahoo.co.in, **Web** : www.rajkotchamber.com